# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-09-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : THURSDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર રૂપલ જાની વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડની મુલાકાત લેશે

2) વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે કહ્યું કે, સરકારનાં અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા પ્રયાસ ચાલુ.

3) ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના સાણંદ વિધાનસભા મતવિસ્તારમાં વિવિધ વિકાસકામોનું વર્ચ્યુઅલી લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

4) નેપાળમાં હિંસક વિરોધ પ્રદર્શન અને અથડામણો બાદ ઉત્તરાખંડ-બિહારમાં ભારત-નેપાળ સરહદ પર સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરવામાં આવી છે.

5) **ઍશિયા કપ ક્રિકેટ ટૂર્નામૅન્ટમાં યજમાન UAEને હરાવી ભારતનો વિજયી પ્રારંભ**

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

## PM--VARANASI-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડની મુલાકાત લેશે. ઉત્તર પ્રદેશની તેમની મુલાકાત દરમિયાન શ્રી મોદી વારાણસીમાં મોરેશિયસના પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામની યજમાની કરશે. મોરેશિયસના પ્રધાનમંત્રી 9 થી 16 સપ્ટેમ્બર દરમિયાન ભારતના પ્રવાસે છે. ગઈકાલે સાંજે તેઓ વારાણસી પહોંચયા જ્યાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદિબેન પટેલ તેમના પરંપરાગત સ્વાગત સમયે હજાર રહ્યા હતા.

માર્ચ 2025 માં પ્રધાનમંત્રી મોદીની મોરેશિયસની મુલાકાત બાદ પ્રધાનમંત્રી રામગુલામની મુલાકાત થઈ રહી છે,

સાંભળીએ એક અહેવાલ..

(બાઈટ --ALOK-INDO-MAURITIUS)

. . . . . . . . . . .

# MORN GOYAL IND-US

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે સરકાર અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે સક્રિયપણે કામ કરી રહી છે.

શ્રી ગોયલે આ ટિપ્પણી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંને દેશો વચ્ચે વેપાર વાટાઘાટો અને સંબંધોમાં વધતી સરળતા અંગે સકારાત્મક સંકેતો રજૂ કર્યા બાદ કરી હતી. ગઈકાલે નવી દિલ્હીમાં લીડ્સ શિખર સંમેલનમાં બોલતા શ્રી ગોયલે કહ્યું કે યુરોપિયન સંઘ અને ન્યુઝીલેન્ડ સાથે પણ વેપાર વાટાઘાટો ચાલી રહી છે. તેમણે કહ્યું કે ઓમાન સાથે વેપાર કરાર ટૂંક સમયમાં પૂર્ણ થશે.

આ અગાઉ વેપાર તણાવ ઓછો કરવા માટે એક મહત્વપૂર્ણ પગલામાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેમના વહીવટીતંત્રે ભારત સાથે વેપાર વાટાઘાટો ફરી શરૂ કરી છે. તેના જવાબમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે બંને દેશો વચ્ચે ચાલી રહેલી વાટાઘાટો ભારત-અમેરિકા ભાગીદારી માટે અમર્યાદિત શક્યતાઓ ખોલશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# MORN-AMIT-SHAH--GUJARAT

ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે ગુજરાતના સાણંદ વિધાનસભા મતવિસ્તારમાં 66 કરોડ રૂપિયાના વિકાસ કામોનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા. આ મતવિસ્તારના સર્વાંગી વિકાસનું વચન આપતા શ્રી શાહે જણાવ્યું હતું કે 2029 સુધીમાં સાણંદ ગામમાં પાણી પુરવઠો, રસ્તાઓ, આરોગ્યસંભાળ, સ્વચ્છતા અને વનીકરણ સહિતની મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ થશે.

મંત્રીએ કહ્યું કે ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન કાર્યરત થઈ ગયા પછી અને સાણંદની આસપાસ ઔદ્યોગિક વિકાસ પ્રોજેક્ટ્સ પૂર્ણ થઈ ગયા પછી, સાણંદ ગુજરાતનો સૌથી વધુ ઔદ્યોગિક રીતે વિકસિત તાલુકા તરીકે ઉભરી આવશે. શ્રી શાહે નોંધ્યું હતું કે સાણંદ વિધાનસભા મતવિસ્તારમાં CSR પહેલ દ્વારા લગભગ 150 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે.

ગૃહમંત્રીએ ગામડાઓ, શાળાઓ અને નગરપાલિકાઓમાં ખુલ્લી જગ્યાઓમાં શક્ય તેટલા વધુ વૃક્ષો વાવીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના એક પેડ મા કે નામ અભિયાનમાં ભાગ લેવા માટે જનતાને પણ અપીલ કરી હતી.

. . . . . . . . . . . . . . . . . .

## PM -QUATAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ-થાની સાથે વાત કરી અને દોહામાં થયેલા હુમલાઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારત કતારના સાર્વભૌમત્વના ઉલ્લંઘનની નિંદા કરે છે. તેમણે કહ્યું કે ભારત વાતચીત અને રાજદ્વારી દ્વારા મુદ્દાઓના ઉકેલને સમર્થન આપે છે, અને તણાવને ટાળે છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારત આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાના સમર્થનમાં અને તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિમાં આતંકવાદ સામે મજબૂત રીતે ઊભું છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . .

## NEPAL -HEALTH DEPT

નેપાળના આરોગ્ય મંત્રાલયે હિંસક વિરોધ પ્રદર્શનોમાં 30 લોકોના મોત અને એક હજારથી વધુ ઘાયલ થયાની જાણ કરી છે. મંત્રાલયના પ્રવક્તા ડૉ. વિકાસ દેવકોટાના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં 30 લોકોના મોત થયા છે અને દેશભરની 29 હોસ્પિટલોમાં 1,611 લોકોની સારવાર કરવામાં આવી છે. તેમણે કહ્યું કે મંત્રાલયે વિવિધ હોસ્પિટલોનો સંપર્ક કર્યા બાદ પ્રાપ્ત વિગતો પ્રકાશિત કરી છે. 274 ઘાયલોને દાખલ કરવામાં આવ્યા છે અને તેમની સારવાર કરવામાં આવી રહી છે.

તેવી જ રીતે, 56 લોકોને એક હોસ્પિટલમાંથી બીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને 719 લોકો સારવાર બાદ ઘરે પરત ફર્યા છે

. . . . . . . . . . . . .

## BIHAR - POLICE

નેપાળમાં હિંસક વિરોધ પ્રદર્શનો અને અથડામણો બાદ ઉત્તરાખંડ-બિહારમાં ભારત-નેપાળ સરહદ પર સુરક્ષાવ્યવસ્થા ચુસ્ત કરવામાં આવી છે.

બિહાર પોલીસ અને સશસ્ત્ર સીમા દળ સરહદ પાર લોકોની હિલચાલ પર નજર રાખી રહ્યા છે. મધુબની જિલ્લાના પોલીસ અધિક્ષક યોગેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે તમામ સરહદી પોલીસ સ્ટેશનોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

(બાઈટ – YOGENDRA-KR-MADHUBANI)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN.-ARMY-VETERANS-PROTEST

મુખ્યમંત્રી મમતા બેનર્જીની સેના પર કથિત ટિપ્પણીના સંદર્ભમાં કોલકાતા હાઇકોર્ટે ભારતીય સેનાના ભૂતપૂર્વ સૈનિકોને કોલકાતાના મેદાન વિસ્તારમાં ગાંધી પ્રતિમા નીચે ધરણાં વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી આપી છે. તાજેતરમાં, કોલકાતાના પૂર્વીય કમાન્ડના સેનાના કર્મચારીઓએ મેદાન વિસ્તારમાંથી તૃણમૂલ કોંગ્રેસના કામચલાઉ સ્ટેજને દૂર કર્યું ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેટલીક ટિપ્પણીઓ કરી હતી. અહેવાલ છે કે ટીએમસી દ્વારા સ્ટેજને દૂર કરવા માટે વારંવાર કરવામાં આવેલી અપીલોને અવગણવામાં આવ્યા બાદ અને કોલકાતા પોલીસે કોઈ પગલાં લીધા ન હોવાથી સેનાએ આ કાર્યવાહી કરી હતી

. . . . . . . . . . . . .

# ASIA CUP INDIA UAE

દુબઈમાં એશિયા કપ ક્રિકેટ ટૂર્નામેન્ટ 2025ની ગ્રુપ-એ મેચમાં ભારતે ગઈકાલે યજમાન સંયુક્ત આરબ અમિરાત-UAEને નવ વિકેટથી હરાવ્યું. ભારતે ટૉસ જીતીને પહેલા બૉલિંગ કરવાનો નિર્ણય કરતાં UAEની ટીમ 13 ઑવર અને એક બૉલમાં 57 રનમાં આઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ ભારતે માત્ર ચાર ઑવર અને ત્રણ બૉલમાં એક વિકેટ ગુમાવી મૅચ જીતી લીધી હતી. ભારતના અભિષેક શર્માએ ભવ્ય પ્રારંભ કર્યો. જ્યારે શુબમન ગિલે અણનમ 20 રન બનાવ્યા.

ભારત તરફથી કુલદીપ યાદવે ચાર વિકેટ લીધી. જ્યારે પાર્ટ ટાઈમર શિવમ દુબેએ માત્ર 10 બૉલમાં ત્રણ વિકેટ લીધી હતી. તો જસપ્રીત બુમરાહે UAEના બૅટ્સમેન અલિશાન શરફૂની વિકેટ ઝડપી.

. . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

આજના સમચારપત્રોએ ફ્રાંસમાં વિરોધ પ્રદર્શન, નેપાળમાં કર્ફ્યૂ, PM મોદી અને ટ્રમ્પ વચ્ચે વાટાઘાટો, ગરબાના આયોજન અંગે નિયમો, રાજ્યમાં વરસાદ જેવા વિવિધ સમાચારોને સ્થાન આપ્યું છે.

સંદેશે હવે ફ્રાંસમાં સરકાર વિરોધી દેખાવો, હિંસા એવા મથાળા સાથે હેડ લાઇન્સ બનાવી છે, આ ઉપરાંત નેપાળ આર્મીને હવાલે, કર્ફ્યૂ અને વાટાઘાટો માટે આતુર ટ્રમ્પ, હું પણ ઉત્સુક છું પીએમ મોદી એવા હેડિંગ સાથે સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે. તો સ્થાનિક પાને વિધાનસભામાં કેગનો રિપોર્ટ, હાર્દિક પટેલ સામે વોરંટ અને વરસાદના સમાચારને સ્થાન આપ્યું છે.

ફૂલછાબે ટ્રમ્પની સાન ઠેકાણે એવા મથાળા સાથે ભારત સાથે ટ્રેડ ડીલ સફળ રહેશે, મોદી સાથે વાત કરીશ ટ્રમ્પ એવા સમાચાર પ્રકાશિત કર્યા છે. તો નેપાળ અને ફ્રાંસમાં વિરોધ પ્રદર્શનો અંગેના સમાચારો પણ પ્રથમ પાને છે.

નવગુજરાત સમયે નેપાળ બાદ હવે ફ્રાંસ ભડકે બળ્યું – 300 થી વધુ અટક એવી પ્રથમ પાને હેડ લાઇન્સ બનાવી છે. આ ઉપરાંત કેગના અહેવાલને ટાંકીને રાજ્ય સરકારના 1.34 લાખ કરોડના રોકાણ સામે માત્ર 757 કરોડનું વળતર અને વરસાદ અંગેના સમાચાર પ્રકાશિત કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .